ઓનલાઇન કમ્પ્યુટરાઇઝ્ડ (સને-૨૦૦૪) પહેલાંની હસ્તલિખિત સ્કેન થયેલ ફેરફાર નોંધોને મહેસૂલી અધિકારીઓ તથા ખાતેદારોને સાંકળીયા સ્વરૂપે ઉપલબ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ એલઆરસી/૧૦૨૦૧૭/૩૦૪/૦૨/એસએમસી
સચિવાલય, ગાંધીનગર.
તા૩૧/૦૩/૨૦૧૭

વંચાણે લીધાઃ

(૧) મ. વિ. ના ઠરાવ ક્રમાંકઃ એલઆરઆર/૧૦૨૦૦૪/૩૩૬/લ.૧ તા.૦૭/૦૮/૨૦૦૪

(૨) મ. વિ. ના સુધારા ઠરાવ ક્રમાંકઃ એલઆરઆર/૧૦૨૦૦૪/૩૩૬/લ.૧ તા.૧૫/૦૯/૨૦૦૫

(૩) મ. વિ. ના ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૦૮/૮૯૪/હ.૨ તા.૨૧/૦૪/૨૦૧૦

પરિપત્રઃ

ઇ-ધરા વ્યવસ્થાપન અંતર્ગત સને-૨૦૦૪ થી જમીનના મહેસૂલી રેકર્ડને કમ્પ્યુટરાઇઝ્ડ કરી ઓનલાઇન મ્યુટેશનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. ઓનલાઇન મ્યુટેશન શરૂ કરવામાં આવ્યું ત્યારથી તલાટી દ્વારા ગામ નમૂના નંબર-૬ (હક્કપત્રક)માં હસ્તલિખિત દાખલ કરવામાં આવતી ફેરફાર નોંધોની કામગીરી બંધ કરવામાં આવેલ છે.

સને-૨૦૦૪ પહેલાંના હસ્તલિખિત ગામ નમૂના નંબર-૬(હક્કપત્રક)ના રજીસ્ટર્સ સ્કેન કરવાનો પ્રોજેક્ટ સને-૨૦૧૦માં શરુ કરવામાં આવેલ છે, હાલ રાજ્યમાં તમામ જિલ્લાઓમાં હસ્તિલિખિત ગા.ન.નં.-૬ના રજીસ્ટરોની સ્કેનીંગની કામગીરી પૂર્ણ કરી વેરિફિકેશનની કામગીરી હાથ ધરાયેલ છે જે ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.

ખાતેદારો ઓનલાઇન (સને-૨૦૦૪) પહેલાંની હસ્તલિખિત સ્કેન થયેલ કમ્પ્યુટરાઇઝ્ડ ફેરફાર નોંધોથી વાકેફ રહી શકે તથા જરૂર જણાયે ન્યાયિક પ્રક્રિયા તથા મહેસૂલી રેકર્ડને પુરાવા તરીકે રજૂ કરી શકે તથા સરકારી ઉપયોગ સારું મહેસૂલી અધિકારીઓને સાંકળીયા સ્વરૂપે મળી રહે તે સારૂં ઇ-ધરા સંબંધિત **WinRoR** (ઇ-ધરા કેન્દ્ર), **AnyRoR** (ઇ-ગ્રામ કેન્દ્ર) તથા **Web-Bhulekh** એપ્લિકેશન દ્વારા ઉપલબ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હસ્તલિખિત સ્કેન થયેલી તથા ઇ-ધરામાં નોંધાયેલ કમ્પ્યુટરાઇઝ્ડ ફેરફાર નોંધોનો સાંકળીયામાં સમાવેશ થયેલ હોઇ તે તમામ ફેરફાર નોંધોને વંચાણે લીધા ક્રમાંકઃ(૨)ના સુધારા ઠરાવની જોગવાઇ આધારે ફેરફાર નોંધ દીઠ રૂપિયા ૫/-(પાંચ) વસુલ લેવાના રહેશે તથા વંચાણે લીધા

Gujarat State Centre, Gandhinagar
RECEIVED
No. 452 Date 31/3/17

ક્રમાંકઃ(૩)ના ઠરાવની જોગવાઇ આધારે જિલ્લા ઇ-સેવા સોસાયટી હસ્તકના ઇ-ધરા ફંડમાં જમા લેવાના રહેશે અને માર્ગદર્શક સૂચનાઓ અનુસાર ખર્ચ કરવાનો રહેશે.

ફેરફાર નોધોંના સાંકળીયાની નકલો મેળવવા માટે ખાતેદાર અરજદારે ઓળખના પુરાવા તરીકે આઇ-ડી પ્રુફ સાથે અરજી કરવાની રહેશે. જેની ચકાસણી કરી સ્કેન્ડ ફેરફાર નોંધની નકલ જરૂરી ફી લઇને આપવાની રહેશે.

રાજ્યમાં **WinRoR** (ઇ-ધરા કેન્દ્ર) તથા **AnyRoR** (ઇ-ગ્રામ કેન્દ્ર) એપ્લિકેશન દ્વારા ગામ નમૂના નંબર-૬, ૭, ૮/અ તથા ૧૨ ની કમ્પ્યુટરાઇઝ્ડ નકલો ઇ-ધરા તેમજ ઇ-ગ્રામ કેન્દ્રો દ્વારા ઉપલબ્ધ થઇ શકે છે તેવી જ રીતે ઓનલાઇન પહેલાંની હસ્તલિખિત સ્કેન થયેલ ફેરફાર નોંધોની સ્કેન કોપી (ઇમેજ) ઇ-ધરા કેન્દ્ર તથા ઇ-ગ્રામ કેન્દ્ર ઉપલબ્ધ થઇ શકે તથા વેબ-ભૂલેખ એપ્લીકેશન દ્વારા જોઇ શકાય તે સારૂં એનઆઇસી-ગુજરાત સ્ટેટ સેન્ટર, ગાંધીનગરએ ઇ-ધરા સંબંધિત એપ્લિકેશનમાં જરૂરી સુધારો કરવાનો રહેશે. અગ્ર સચિવશ્રી(મહેસૂલ)ની તા.૧૫/૦૩/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

31/3/17

પ્રોજેક્ટ ઓફીસર
સ્ટેટ મોનીટરીંગ સેલ, લેન્ડ રેકર્ડ કમ્પ્યુટરાઇઝેશન
મહેસૂલ વિભાગ, ગાંધીનગર

પ્રતિ,

- કલેકટરશ્રી (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)

નકલ સવિનય રવાનાઃ

- માનનીય મંત્રીશ્રી, મહેસૂલના અંગત સચિવશ્રી તરફ જાણ સારુ
- અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગના અંગત મદદનીશ તરફ જાણ સારુ
- મહેસૂલ તપાસણી કમીશનરશ્રી અને સચિવશ્રી મહેસૂલ વિભાગના અંગત મદદનીશ તરફ જાણ સારુ.
- ડીજીએમ અને સીઆઇઓ, એનઆઇસી, ગુજરાત સ્ટેટ સેન્ટર, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારુ.